# જાહેરાત ક્રમાંક - ૧/૨૦૨૩-૨૪

આથી જણાવવાનું કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, એરૂ ચાર રસ્તા, નવસારી ખાતેના નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણની કચેરી હસ્તકના જીમખાના ખાતે બિનઉપયોગી ડેડસ્ટોક/સ્ક્રેપ આઈટમો જે તે હાલતમાં ટેન્ડરથી લોટ દિઠ જાહેર હરાજીથી નિકાલ કરવાના હોય તે અંગેનું ટેન્ડર ફોર્મ, ઈજારાની બોલી, શરતો યુનિવર્સિટીની વેબસાઈટ **www.nau.in** પરથી તા.૦૪/૦૫/૨૦૨૩ થી તા.૨૫/૦૫/૨૦૨૩ દરમ્યાન મેળવી શરતો મુજબ ભાવ ભરી સીલ બંધ કવરમાં તા.૨૬/૦૫/૨૦૨૩ના રોજ ૧૫:૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીમાં રૂબરૂ કે પોસ્ટ/કુરીયર દ્વારા પહોંચતા કરવા જણાવવામાં આવે છે. ટેન્ડર તા.૨૯/૦૫/૨૦૨૩ના રોજ ૧૫:૦૦ કલાકે ખોલવામાં આવશે.

**સ્થળ: નવસારી**
**તા.૦૩/૦૫/૨૦૨૩**

**નિયામકશ્રી**
**વિદ્યાર્થી કલ્યાણ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

માહિતી/નવસારી/૭૩/૨૦૨૩

# :: ડેડસ્ટોક/સ્ક્રેપ આઈટમોની હરાજીની શરતો ::

૧. ડેડ સ્ટોક/સ્ક્રેપ બીનઉપયોગી આઈટમો અત્યારે જે હાલતમાં અને જે સ્થળે જે પરિસ્થિતીમાં છે તે રીતે ટેક્ષ ની કોઈપણ જવાબદારી સિવાય વેચાણ કરવાના છે.

૨. ડેડ સ્ટોક/સ્ક્રેપ બીનઉપયોગી આઈટમો જાહેરાતમાં દર્શાવેલ સ્થળે જાહેર રજાના દિવસો સિવાય સવારે ૧૦:૦૦ થી ૧૭.૦૦ કલાક સુધીમાં જોવા મળશે.

૩. ટેન્ડર ફોર્મ ભરીને અત્રેની કચેરીને **તા.૨૬/૦૫/૨૦૨૩ ૧૫:૦૦** કલાક સુધીમાં અત્રેની કચેરીને પહોંચતા કરવાના રહેશે. ટેન્ડર ફીના નાણાં પરત મળશે નહી.

૪. ટેન્ટર ફોર્મ સાથેટેન્ટર ફી અને EMD નો ડી.ડી/ચેક બિડાણ નીચેની વિગતે કરી અત્રેની કચેરીએ બંધ કવરમાં મોકલવાનો રહેશે. જે પાછળથી કાર્યવાહી પૂર્ણ થયા બાદ યુનિવર્સિટીના નિયમો અનુસાર ફકત EMD પરત કરવામાં આવશે. EMD અને ટેન્ડર ફી વગરનો સોદો ગ્રાહય રાખવામાં આવશે નહી. EMD નીચે મુજબના કારણોસર જપ્ત કરવામાં આવશે. (૧) ભાવ બોલી આપ્યા પછી ભાવ બોલી પાછી ખેચશો તો. (૨) ટેન્ડર શરતો અને નિયમો મુજબ અમલવારી નહી કરે તો.

| અ.નં. | કચેરીનું નામ | આઈટમનું નામ | ટેન્ડર ફી (રૂા.) | EMD ની રકમ (રૂા.) | જેના નામનો ડીડી બનાવવાનો હોય તે કચેરી નું નામ |
|---|---|---|---|---|---|
| ૧. | નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | ડેડસ્ટોક/સ્ક્રેપ આઈટમો | ૧,૫૦૦/– | ૫,૦૦૦/– | **Account Officer (Cash), N.A.U. Nasvari** |

૫. ટેન્ડર **તા.૨૯/૦૫/૨૦૨૩** ના રોજ **૧૫:૦૦** કલાકે ખોલવામાં આવશે. ઈજારદારો અથવા તેના પ્રતિનિધિએ જીમખાના ખાતે હાજર રહેવું. જેમનું ટેન્ડર મંજુર થશે તેમણે ઈજારાની રકમ નીચે ની વિગતે ભરવાની રહેશે.

૬. ટેન્ડર ફોર્મમાં ભરેલ ભાવના ૫૦% રકમ ટેન્ડર મંજુર થયેથી /હરાજી બાદ તુરંત જ ભરપાઈ કરવાના રહેશે. બાકીની ૫૦% રકમ દિન–૫ માં જમા કરાવવાની રહેશે. તેમાં નિષ્ફળ જનારને તેમની EMD કોઈપણ કારણ જણાવ્યા સિવાય જપ્ત કરવામાં આવશે. તેમજ ભવિષ્યમાં તેમને યુનિવર્સીટીની કોઈ પણ હરાજી માટે બ્લેક લીસ્ટ કરવામાં આવશે.

૭. ટેન્ડરના કવર ઉપર **"ડેડસ્ટોક/સ્ક્રેપ બીનઉપયોગી આઈટમો "** અવશ્ય લખવાનું રહેશે. પાર્ટીનું નામ, સરનામું મોટા અક્ષરે લખવું. ટેન્ડર ટપાલ/કુરીયર અથવા રૂબરૂમાં નિયત તારીખ પહેલા જે તે કચેરીને સીલબંધ કવરમાં મોકલવાના રહેશે.

૮.(અ). ટેન્ડર દ્વારા આવેલ ભાવો કમિટીને અપસેટ વેલ્યુ કરતા નીચા જણાય તો તે સ્થળે કમિટીના અભિપ્રાય મુજબ ટેન્ડર ભરનાર પાર્ટીઓ વચ્ચે જાહેર હરાજીથી નિકાલ કરવામાં આવશે.જાહેર હરાજીમાં પણ ભાવો કમિટીને અપસેટ વેલ્યુ કરતા ઓછા જણાય તો હરાજી રદ કરવામાં આવશે.

(બ). ટેન્ડર ભરનાર ઈસમો ને કોઈપણ સંજોગોમાં ટેન્ડર ફીની રકમ પરત કરવામાં આવશે નહી જેની નોંધ લેવી.

૯. રકમ ઉપરની મુદતમાં જમા કરવામાં નહી આવશે તો ઈજારો રદ કરવામાં આવશે. અને EMD ની રકમ જપ્ત કરવામાં આવશે, કોઈ પણ સંજોગોમાં ઈજારાની પુરેપુરી રકમ ભરવાની મુદત વધારી આપવામાં આવશે નહી.

૧૦. ડેડસ્ટોક/સ્ક્રેપ બીનઉપયોગી આઈટમો વેચાણ થયા બાદ તેની સઘળી જવાબદારી જે તે ટેન્ડર ભરનારની રહેશે. અત્રેથી જરૂરી દસ્તાવેજ પેપરમાં સહી કરી આપવામાં આવશે.

૧૧. જરૂરી પેપર્સની કાર્યવાહી સંપૂર્ણપણે પુરી થયા બાદ EMD વગર વ્યાજે પરત કરવામાં આવશે. તેમજ ડેડ સ્ટોક/સ્ક્રેપ બીનઉપયોગી આઈટમોનો કબ્જો મેળવ્યાથી તમામ જવાબદારી ખરીદ કરનારની રહેશે.

૧૨. ડેડ સ્ટોક/સ્ક્રેપ બીનઉપયોગી આઈટમો જે તે ઈજારાદારે જ તેમના માણસો સાથે હાજર રહી લઈ જવાનુ રહેશે. તેમની ગેરહાજરીમાં કોઈ પણ ઈસમને લઈ જવા દેવામાં આવશે નહી. તેમજ હરાજી સમયે જેણે ઈજારો રાખ્યો હોય તે બીજા ઈસમને ઈજારો આપી શકશે નહિ.

૧૨. હરાજી બાબતે કોઈ પણ જાતની તકરાર મુશ્કેલી કે મુદ્દો ઉભો થાય તો નવસારી કૃષિ યુર્નિવસિટી,નવસારી નો નિર્ણય આખરી ગણાશે. જે ખરીદદારને બંધન કર્તા રહેશે.

૧૩. સંજોગોવશાત ઉપરોકત શરતોમાં કોઈ પણ ફેરફાર યુનિવર્સિટીના સત્તાધિશો તરફથી કરવામાં આવે તો તે માન્ય રાખવા પડશે અને તે અંગે કોઈ તકરાર સ્વીકારવામાં આવશે નહિ. તેમજ યુનિવર્સિટી દ્વારા રચેલ કમિટી નો નિર્ણય આખરી ગણાશે. જે ખરીદ કરનાર ને બંધનકર્તા રહેશે.

૧૪. કોઈપણ ટેન્ડરને સ્વીકારવું અથવા આવેલ તમામ ટેન્ડરોને કોઈપણ કારણો દર્શાવ્યા સિવાય રદ કરવાના તથા ઈજારો મંજુર રાખવો કે નહી તેની સત્તા યુનિવર્સિટી દ્વારા રચેલ કમિટીની રહેશે.

૧૫. હરાજીની શરતોને સંપૂર્ણ સ્વસ્થ અને સભાન રીતે વાંચી છે, તેમજ તમામ શરતો મને માન્ય છે અને તેનો ચુસ્તપણે અમલ કરવા બંધાયેલો છું જે માટે મારી સહી કરી સંમતી દર્શાવેલ છે

૧૬. ન્યાયની અદાલતમાં શિક્ષા પામેલા નૈતિક અધ:પતનના ગુન્હા સંબંધમાં શિક્ષા પામેલા, બ્લેક લીસ્ટની યાદીમાં સમાવેશ થયેલા, નાદાર જાહેર થયેલા અસ્થિર મગજના તથા ૧૮ વર્ષથી નાની ઉંમરના ઈસમોને હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે નહી. આમ છતા આવી જાણ થશે તો તેવા ઈસમોને હરાજીમાંથી બાકાત કરવામાં આવશે તથા EMD ની રકમ જપ્ત કરવામાં આવશે.

૧૭. જાહેર હરાજીની શરતોમાં સુધારો કરવામાં આવશે તો યુનિ.ની વેબસાઈટ www.nau.in પરથી જાણવા મળશે.

૧૮. કોઈ પણ જાતનો ન્યાયિક પ્રશ્ન ઉપસ્થિત થાય તો ન્યાયિકક્ષેત્ર નવસારી રહેશે.

**ઉપરની તમામ શરતો મને માન્ય / કબુલ / બંધન કર્તા છે.**

| | |
|---|---|
| તારીખ : | પાર્ટીનું નામ : |
| સ્થળ : | સરનામું : |
| | ટેન્ડર ભરનારની સહી : |
| | કોન્ટેકટ નંબર: |

# -: ટેન્ડર ફોર્મ :-

# ટેન્ડરનું નામ : ડેડસ્ટોક/સ્ક્રેપ આઈટમોની હરાજી

નોંધ : આપના ભાવો નીચેની વિગતે ભરવા

<table>
<tr><th colspan="4">ભાવની વિગત</th></tr>
<tr><td rowspan="10">નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ડેડસ્ટોક/સ્ક્રેપ આઈટમોની વેચાણની હરાજી</td><td colspan="3">રૂા. (આંકડામાં)</td></tr>
<tr><td colspan="3">અંકે રૂપિયા</td></tr>
<tr><td colspan="3">ટેન્ડર ભરનારનું નામ :</td></tr>
<tr><td colspan="3">પુરૂ સરનામું :</td></tr>
<tr><td colspan="3"></td></tr>
<tr><td colspan="3">ફોન નંબર :</td></tr>
<tr><td colspan="3">પાનકાર્ડ નંબર (નકલ રજુ કરવી):</td></tr>
<tr><td colspan="3">ફોટો આઈ ડી પ્રૂફ (આધાર કાર્ડ/ ડ્રાઈ. લાયસન્સ/પાસપોર્ટની નકલ રજુ કરવી):</td></tr>
<tr><td colspan="2">ટેન્ડર ફીનો ડીડી નં. :</td><td>તારીખ :</td></tr>
<tr><td colspan="3">ટેન્ડર ફી :</td></tr>
<tr><td>ટેન્ડર ફોર્મ ભર્યા તારીખ : / /૨૦૨૩</td><td colspan="2">ડીપોઝીટની વિગત ડી.ડી.નં. :</td><td>તારીખ :</td></tr>
<tr><td>સ્થળ :</td><td>રકમ રૂા.</td><td colspan="2"></td></tr>
<tr><td>મે આપની શરતો વાંચેલ છે જે માન્ય છે જેને ધ્યાનમાં લઈ મે ઉપર મુજબનો ભાવ ભરેલ છે.</td><td colspan="3">ટેન્ડર ભરનારની સહી :</td></tr>
</table>

| ક્રમ | ટેન્ડર ભાવો ખોલનાર કમિટીના સભ્યોના નામ અને હોદ્દો | સહી |
|---|---|---|
| ૧ | નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ, ન. કૃ. યુ., નવસારી | |
| ૨ | સહ સંશોધન નિયામકશ્રી, ન. કૃ. યુ., નવસારી | |
| ૩ | મદદનીશ કુલસચિવ (વહીવટ), ન. કૃ. યુ., નવસારી | |
| ૪ | મદદનીશ પ્રાધ્યાપક, ન. મ. કૃષિ મહાવિદ્યાલય, ન. કૃ. યુ., નવસારી | |
| ૫ | ફીઝીકલ ઈન્સ્ટ્રક્ટર, અત્રેની કચેરી | |